## અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વસુલવામાં આવતી ફી

*15/4/720 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટિના હુકમોનું ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) |

| ફરિયાદોની સંખ્યા | | |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | કુલ |
| ૦૩ | ૦૨ | ૦૫ |

| | | |
|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની કેટલી ફી નિયત કરવામાં આવેલ છે અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ છે, અને | (૨) **પત્રક–અ** મુજબ |
| (૩) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) **પત્રક–બ** મુજબ |

પત્રક– અ

| ક્રમ | શાળાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા | ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાની નિયત કરવામાં આવેલ ફી | | | સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવેલ ફી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | ધોરણ | મંજૂર ફી (રૂ.) | |
| ૧ | ત્રિપદા ઈંગ્લીશ સ્કુલ, અમદાવાદ | ૦૨ (૨૦૨૨–૨૩) | ૨૦૨૧–૨૨ | ધો–૧ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૨ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૩ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૪ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૫ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો–૬ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૭ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૮ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો–૯ | ૩૩,૫૦૦ | ૪૫,૦૦૦ |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કુલ, નરોડા, અમદાવાદ. | ૦૧ (૨૦૨૨–૨૩) | ૨૦૨૧–૨૨ | પ્રિ–પ્રાયમરી | ૧૩,૩૫૦ | ફી નિયમન સમિતિ– અમદાવાદ ઝોનની કચેરી દ્વારા મંજુર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |
| | | | | પ્રાયમરી | ૧૫,૭૫૦ | |
| | | | | સેકન્ડરી | ૧૭,૫૦૦ | |
| ૩ | સ્વસ્તિક સ્કુલ, નવા વાડજ, અમદાવાદ. | ૦૧ (૨૦૨૩–૨૪) | ૨૦૨૧–૨૨ | પ્રાયમરી | ૨૬,૭૫૦ | ફી નિયમન સમિતિ– અમદાવાદ ઝોનની કચેરી દ્વારા મંજુર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | ૦૧ (૨૦૨૩–૨૪) | ૨૦૨૧–૨૨ | પ્રિ–પ્રાયમરી | ૮૫,૦૦૦ | ૧,૦૧,૫૨૧ |
| | | | | પ્રાયમરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |
| | | | | સેકન્ડરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |

પત્રક – બ

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? |
|---|---|---|---|
| ૧ | ત્રિપદા ઇંગ્લીશ સ્કુલ, અમદાવાદ | અમદાવાદ શહેર | શાળા દ્વારા ફાઈનલ ફી નક્કી થયા પહેલા રૂ.૩૯,૯૦૦/- ની ફી ઉઘરાવતી હતી. જે ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરી દ્વારા તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ સુનાવણી હાથ ધરીને (CBSE BOARD) માટે ફાઇનલ હુકમ કરી વધુ ઉઘરાવેલ ફી બાબતે શાળાને ફી સરભર કરવા માટેનો આદેશ કરેલ છે.<br>(વર્ષ : ૨૦૨૧ – ૨૨થી સદર શાળા CBSE બોર્ડમાં ચાલુ કરેલ છે.) |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કુલ,<br>નરોડા, અમદાવાદ. | અમદાવાદ શહેર | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ હતો. તા.૦૩-૦૨-૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજુ થયેલ છે. શાળા દ્વારા વૈકિલ્પક ફી ફરજિયાત ન હોવાનું જણાવતાં અરજદાર શ્રી સુરેશભાઇ પટેલ પોતાની ફરિયાદનું નિવારણ આવતા તેમણે પોતાની ફરિયાદ પરત ખેચેલ છે તેથી આ અંગેનો કોઇ અન્ય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ આ રજૂઆત બાબતે વાલીશ્રીએ પોતાનું નિવેદન આપેલ છે. |
| ૩ | સ્વસ્તિક સ્કુલ,<br>નવા વાડજ, અમદાવાદ. | અમદાવાદ શહેર | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ હતો. તા.૦૩-૦૨-૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજુ થયેલ છે જેમાં અરજદાર શ્રી આશિષ કણજરિયા દ્વારા મળેલ ફરિયાદ બાબતે વાલીનો સંપર્ક કરી વધુ કોઈ આધાર પુરાવા માંગેલ હતાં પણ વાલીએ ત્યારબાદ કોઇ આધાર પુરાવા રજુ કરેલ નથી. જ્યારે શાળા ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીએ નકકી કરેલ ફી કરતાં વધૂ ફી લેવામાં આવતી હોવાનું જણાતું નથી. |

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? |
|---|---|---|---|
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | અમદાવાદ શહેર | તા.૧૫/૦૪/૨૩ ના રોજ ગુજરાત વાલી મંડળ દ્વારા ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર દ્વારા તા.૦૬/૦૫/૨૩ના રોજ મળેલ તપાસ અહેવાલ અન્વયે તા.૧૫/૦૫/૨૩ ના રોજ ફી નિયમન સમિતિ–અમદાવાદ ઝોનની કચેરી સમક્ષ રૂબરૂ સુનાવણી હાથ ધર્યા બાદ તા.૨૧/૦૬/૨૩ના રોજ હુકમ કરી ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં ટર્મ ફી વસુલવા બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટના તા. ૨૨/૦૭/૨૦૨૨ ના SCA(Special Civil Application) No. 2356/2021 ના જજમેન્ટ અનુસાર શાળા ફી નિયમન સમિતિએ નક્કી કરેલ ફી ઉપરાંત એક માસની ફી વર્ષમાં બે વખત ટર્મ ફી તરીકે તેમજ નવા પ્રવેશના કિસ્સામાં એક માસની પ્રવેશ ફી ઉઘરાવી શકશે. આ જજમેન્ટ અનુસાર શાળાએ ટર્મ ફી વસુલેલ છે. |

--------------------------------